# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-08-2026** **EVENING: 7.50 TO 8.00**

**Day: Saturday** **National News**

## આકાશવાણી સમાચાર ચૈતાલી જોશી વાંચે છે.

***************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મૈસુરમાં આજે સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક યુવા કેન્દ્ર વિવેકા સ્મારકનું ઉદ્ઘાટન કર્યું
2) કેન્દ્ર સરકારે આજે રાજ્યોને કરવેરા વિનિમય તરીકે 1 લાખ 9 હજાર કરોડ રૂપિયાનો વધારાનો હપ્તો જારી કર્યો
3) રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર 2026 એનાયત કરાયો
4) હવામાન વિભાગે આજે ગુજરાત, કેરળ અને માહેમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું
5) ગ્લાસગોમાં આજે કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બોક્સર જૈસ્મીન લેમ્બોરિયા અને પ્રીતિ પવારે સુવર્ણ ચંદ્રક જીત્યા

*****************************************************************************************

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# NEW PM-SWAMI VIVEKANANDA CULTURAL YOUTH CENTRE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મૈસુરમાં આજે સ્વામી વિવેકાનંદ સાંસ્કૃતિક યુવા કેન્દ્ર વિવેકા સ્મારકનું ઉદ્ઘાટન કર્યું. આ સ્મારક 1892 માં સ્વામી વિવેકાનંદની મૈસુરની ઐતિહાસિક મુલાકાતની યાદમાં ઉજવવામાં આવે છે જ્યારે તેઓ મૈસુરના દિવાન સર કે. શેષાદ્રી ઐયરને મળ્યા હતા અને શિકાગોમાં ધર્મ સંસદમાં ભાગ લેવા માટે યુએસએની યાત્રા માટે મૈસુર મહારાજા શ્રી ચામરાજેન્દ્ર વાડિયાર પાસેથી નાણાકીય સહાય મેળવી હતી. આ પ્રસંગે સભાને સંબોધતા પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે , સ્વામી વિવેકાનંદ ખરેખર ભારતની ભાવનાને મૂર્તિમંત કરે છે. તેમણે ભાર મૂક્યો કે દેશના યુવાનો વૈશ્વિક વિકાસને આગળ ધપાવી રહ્યા છે.

## BYTE -PM MODI ON YOUTH

***"स्वामी विवेकानंद जी युवाओं की शिक्षा को राष्ट्र निर्माण का मजबूत आधार मानते थे। उन्होंने स्वयं ये देखा था कि कैसे दुनिया के देश अपने युवाओं को शिक्षित बना रहे हैं। लेकिन दुर्भाग्य से तब भारत गुलाम था। भारत का जो युवा कभी जंजीरों में था आज वो युवा दुनिया के विकास को गति दे रहा है। आज भारत की अर्थव्यवस्था सबसे तेजी से आगे बढ़ रही है। किसकी वजह से? भारत के युवाओं के सामर्थ्य से।"***

સવારે, પ્રધાનમંત્રી એ આંધ્રપ્રદેશના વિજયનગરમ જિલ્લાના ભોગાપુરમ ખાતે ગ્રીનફિલ્ડ અલ્લુરી સીતારામ રાજુ આંતરરાષ્ટ્રીય વિમાનમથકનું ઉદ્ઘાટન કર્યું. તેમણે લગભગ 18,000 કરોડ રૂપિયાના મુખ્ય માળખાગત પ્રોજેક્ટ્સનું રાષ્ટ્રને સમર્પિત કર્યાં.

# PM-NASHA MUKT ABHIYAN

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે વિડીયો કોન્ફરન્સ દ્વારા "નશા મુક્ત યુવા વિકાસિત ભારત સંકલ્પ અભિયાન" શરૂ કરશે. આ સાથે ડ્રગ્સના દુરુપયોગ સામે 100 અઠવાડિયાના રાષ્ટ્રવ્યાપી જનભાગીદારી અભિયાનની શરૂઆત થશે.

દેશભરના 10,000 થી વધુ સ્થળોના યુવાનો આ કાર્યક્રમમાં ભાગ લેશે. માઈ ભારત, રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયંસેવકો , યુવા ક્લબ , શાળાઓ, કોલેજો, યુનિવર્સિટીઓ, NGO, ઉદ્યોગ સંગઠનોના યુવા કોષો અને 125 થી વધુ આધ્યાત્મિક સંગઠનોના પ્રતિનિધિઓ પણ વર્ચ્યુઅલી જોડાશે.

# SHAH-SDRF APPROVAL

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દક્ષિણ પશ્ચિમ ચોમાસા દરમિયાન પૂરગ્રસ્ત રાજ્યોને સહાય પૂરી પાડવા માટે રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ (SDRF) ના કેન્દ્રીય હિસ્સામાંથી 2,117 કરોડ 85 લાખ રૂપિયાની આગોતરી રકમ ને મંજૂરી આપી છે. પૂરગ્રસ્ત સાત રાજ્યોમાંથી , હિમાચલ પ્રદેશ, ઓડિશા અને નાગાલેન્ડને નાણાકીય વર્ષ 2026-27 માટે SDRFનો પ્રથમ હપ્તો પ્રથમ હપ્તો મળ્યો હતો.

અસરગ્રસ્ત રાજ્યો માટે મંજૂર કરાયેલી સહાયમાં નાણાકીય વર્ષ 2026-27 માટે પ્રથમ હપ્તાના આગોતરા રકમ તરીકે અરુણાચલ પ્રદેશને 44.55 કરોડ રૂપિયા , આસામ માટે પ્રથમ હપ્તા તરીકે 379.35 કરોડ રૂપિયા જ્યારે ગુજરાતના 500 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

# CENTRE- STATE INSTALMENT

કેન્દ્ર સરકારે આજે રાજ્યોને કરવેરા વિનિમય તરીકે 1 લાખ 9 હજાર 19 કરોડ રૂપિયાનો વધારાનો હપ્તો જારી કર્યો છે. આ રકમ 10 ઓગસ્ટ માટે નિર્ધારિત નિયમિત માસિક ટ્રાન્સફર ઉપરાંત છે. નાણા મંત્રાલયે જણાવ્યું હતું કે આ વધારાનો હપ્તો રાજ્યોને મૂડી અને વિકાસ ખર્ચને વેગ આપવા માટે વધુ તક પૂરી પાડવાનો છે.

મંત્રાલય દ્વારા જાહેર કરાયેલ રાજ્યવાર આંકડા મુજબ, ઉત્તર પ્રદેશને સૌથી વધુ 19,208 કરોડ રૂપિયા , બિહારને 10 ,845 કરોડ રૂપિયા , મધ્ય પ્રદેશને 8 ,010 કરોડ રૂપિયા મળ્યા. પશ્ચિમ બંગાળને 7 ,866 કરોડ રૂપિયા અને મહારાષ્ટ્રને 7 ,022 કરોડ રૂપિયા મળ્યા છે.

# NAVY-DEPUTY CHIEF

વાઇસ એડમિરલ એ.એન. પ્રમોદે આજે નૌકાદળના વડા તરીકેનો કાર્યભાર સંભાળ્યો. તેઓ ડિસેમ્બર 2023 થી જુલાઈ 2026 સુધી નૌકાદળ કામગીરીના ડિરેક્ટર જનરલ તરીકે, તેઓ ઓપરેશન સિંદૂર દરમિયાન નૌકાદળના આયોજન , તૈયારી અને ઓપરેશનલ તૈયારીમાં સક્રિયપણે સામેલ હતા. તેમણે પશ્ચિમ એશિયા કટોકટી દરમિયાન દરિયાઈ સુરક્ષા કામગીરી હાથ ધરી હતી.

# ITR-JULY 2026

આવકવેરા વિભાગે અહેવાલ આપ્યો છે કે 31 જુલાઈ, 2026 સુધીમાં વર્ષ 2026-27 માટે 59 કરોડથી વધુ આવકવેરા રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા હતા. વિભાગે સોશિયલ મીડિયા સંદેશમાં કરદાતાઓનો આભાર માનતા કહ્યું કે, તેમનો વિશ્વાસ અને સમયસર પાલન ભારતના વિકાસને આગળ ધપાવતી ઊર્જા પૂરી પાડે છે.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

# DAY INDIA-CHINA TRADE

ભારત અને ચીન વચ્ચે સિક્કિમના નાથુ લા પાસ દ્વારા આજે સરહદ પાર વેપાર ફરી શરૂ થયો, જેનાથી છ વર્ષથી વધુ સમયથી ચાલી રહેલા વેપાર સ્થગિતતાનો અંત આવ્યો. વેપાર ફરી શરૂ થવો એ ભારત-ચીન સંબંધોમાં સકારાત્મક સંકેત છે.

અમારા સંવાદદાતાના જણાવ્યા મુજબ , આજે સવારે નો મેન્સ લેન્ડ ખાતે ભારતીય અને ચીની અધિકારીઓ મળ્યા હતા. ચીનનું પ્રતિનિધિત્વ તિબેટ સ્વાયત્ત ક્ષેત્રના વહીવટી વડા, તેના વાણિજ્ય અને સરહદ વેપાર વિભાગના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

# INDIAN ARMY- GEN SHARMA DEMISE

ભારતીય સેનાએ નિવૃત્ત ભૂતપૂર્વ સેના પ્રમુખ જનરલ વિશ્વનાથ શર્માને અંતિમ શ્રદ્ધાંજલિ આપી. જનરલ શર્માના અંતિમ સંસ્કાર આજે નવી દિલ્હીમાં સંપૂર્ણ લશ્કરી સન્માન સાથે કરવામાં આવ્યા. તેમનું ગઈકાલે સવારે  97 વર્ષની વયે નવી દિલ્હીમાં અવસાન થયું.

# ECI-ODISHA SIR REVISION

ચૂંટણી પંચે ઓડિશામાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારા હેઠળ દાવાઓ અને વાંધા દાખલ કરવાની અંતિમ તારીખ આ મહિનાની 19મી તારીખ સુધી લંબાવી છે.

દાવાઓ અને વાંધાઓના નિકાલની અંતિમ તારીખ પણ 17 સપ્ટેમ્બર સુધી લંબાવવામાં આવી છે. પંચે જણાવ્યું હતું કે ઓડિશાના મુખ્ય ચૂંટણી અધિકારીની વિનંતી પર સમયપત્રકમાં સુધારો કરવામાં આવ્યો છે.

# AJIT DOVAL-LOKMANYA TILAK NATIONAL AWARD

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલને આજે પુણે ખાતે આયોજિત એક સમારોહમાં લોકમાન્ય તિલક રાષ્ટ્રીય પુરસ્કાર 2026 એનાયત કરવામાં આવ્યો. લોકમાન્ય તિલક સ્મારક ટ્રસ્ટ દ્વારા સ્થાપિત આ પુરસ્કાર લોકમાન્ય બાલ ગંગાધર તિલકની 106મી પુણ્યતિથિ નિમિત્તે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા અર્પણ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શ્રી શાહે કહ્યું કે , અજિત ડોભાલે ભારતની રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવવામાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે. તેમણે કહ્યું કે , શ્રી ડોભાલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અનેક મુખ્ય રાષ્ટ્રીય સુરક્ષા નિર્ણયોને અમલમાં મૂકવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે ઉમેર્યું કે આ પુરસ્કાર શ્રી ડોભાલની રાષ્ટ્ર પ્રત્યેની અસાધારણ સેવાને માન્યતા આપે છે.

આ સન્માન સ્વીકારતા અજિત ડોભાલે કહ્યું કે, તેઓ આ સન્માનથી ખૂબ જ નમ્ર છે. તેમણે કહ્યું કે યુવા પેઢીએ લોકમાન્ય તિલકના દેશભક્તિ , બલિદાન અને ફરજની અતૂટ ભાવનાના આદર્શોને આત્મસાત કરવા જોઈએ.

# DAY IMD- WEATHER

હવામાન વિભાગે આજે ગુજરાત , કેરળ અને માહેમાં ભારે વરસાદ માટે રેડ એલર્ટ જારી કર્યું છે. દિલ્હી , હરિયાણા, ચંદીગઢ, પંજાબ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, ઉત્તર પ્રદેશ, કોંકણ, ગોવા અને ઉત્તરપૂર્વ ભારતના કેટલાક ભાગોમાં પણ આવતીકાલ સુધી ભારે વરસાદની આગાહી છે

આગામી બે દિવસ સુધી જમ્મુ અને કાશ્મીર , આંધ્રપ્રદેશ, કર્ણાટક, ઝારખંડ, મધ્યપ્રદેશ, ઓડિશા, તેલંગાણા, વિદર્ભ અને આંદામાન અને નિકોબાર ટાપુઓમાં વાવાઝોડા અને વીજળી પડવાની શક્યતા છે.

# INDIA-RWANDA MEETING

ભારત અને રવાન્ડાએ દ્વિપક્ષીય વેપાર વધારવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. નવી દિલ્હીમાં યોજાયેલી ભારત-રવાન્ડા સંયુક્ત વેપાર સમિતિની બેઠકના પ્રથમ તબક્કામાં , બંને પક્ષોએ માલ અને સેવાઓમાં દ્વિપક્ષીય વેપારની વર્તમાન સ્થિતિની સમીક્ષા કરી.

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે જણાવ્યું હતું કે , બંને પક્ષો પરસ્પર વેપારના અવકાશને વૈવિધ્યીકરણ કરવા , વેપાર સંબંધોને સરળ બનાવવા સંબંધિત પાસાઓ પર સંમત થયા હતા.

# EVE. ITALY-SPAIN DEATH TOLL

સ્પેને જણાવ્યું છે કે મોરોક્કો સાથેની સેઉટા સરહદ પાર કરવાનો પ્રયાસ કરનારાઓનો મૃત્યુઆંક 67 થયો છે. જેમાં દરિયામાં ડૂબી ગયેલા અને સરહદ પાર કરવાનો પ્રયાસ કરતી વખતે ભાગદોડમાં મૃત્યુ પામેલા લોકોનો સમાવેશ થાય છે. આ પછી, સ્પેને સેઉટા અને મોરોક્કો વચ્ચે દરિયાઈ સરહદ પર 500 મીટર લાંબી અવરોધ દિવાલ બનાવવાની જાહેરાત કરી. આ અઠવાડિયે 50,000 થી વધુ સ્થળાંતર કરનારાઓ સેઉટામાં પ્રવેશ્યા.

સ્પેનિશ ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે , આમાંથી મોટાભાગના સ્થળાંતર કરનારાઓને મોરોક્કો પાછા મોકલવામાં આવ્યા છે , અને બંને દેશોના અધિકારીઓ તણાવ ઓછો કરવા અને રાહત કામગીરીમાં રોકાયેલા છે. સ્પેનના પ્રધાનમંત્રી પેડ્રો સાંચેઝે યુરોપિયન યુનિયનને આ મુદ્દા પર સભ્ય દેશોના ગૃહ પ્રધાનોની કટોકટી બેઠક બોલાવવા હાકલ કરી છે.

# PREZ-PREETI JAISMINE GREETINGS

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ પ્રીતિ પવાર અને જાસ્મિન લંબોરિયાને સોશિયલ મીડિયા સંદેશ માં અભિનંદન આપતા તેઓને ઉજ્જવળ ભવિષ્ય અને સતત સફળતાની શુભેચ્છા પાઠવી. ઉપરાષ્ટ્રપતિ સી પી રાધાકૃષ્ણ અને કેન્દ્રીય રમતગમત અને યુવા બાબતોના મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ પણ  અભિનંદન પાઠવ્યા છે.

# EVE CWG- MEDALS

ગ્લાસગોમાં આજે કોમનવેલ્થ ગેમ્સમાં ભારતીય બોક્સર જૈસ્મીન લેમ્બોરિયા અને પ્રીતિ પવારે સુવર્ણ ચંદ્રકો જીત્યા. પેરા એથ્લેટિક્સમાં શૉટ પૂટ માં સોમન રાણાએ સુવર્ણ ચંદ્રક અને શુભમ જુયાલે રજત ચંદ્રક જીત્યો છે.એથ્લેટિક્સમાં ટ્રિપલ જમ્પર પ્રવીણ ચિત્રાવલે રજત ચંદ્રક જીત્યો, જ્યારે સેલ્વા પ્રભુએ કાંશય ચંદ્રક જીત્યો

ભારત હાલમાં 27 ચંદ્રકો માં - 8 સુવર્ણ 15 રજત અને સાત કાં સ્ય ચંદ્રકો સાથે કુલ મેડલ સ્ટેન્ડિંગમાં 6ઠા સ્થાને છે.